— બીજા ધોરણ માટે :—

"મુખગણિતશિક્ષક" ભાગ ૩



નં. ૧૫ સુધી

કિંમત ૦ ૨ ૦

પોસ્ટેજ જુદું.

માફ.

છગનલાલ મોતીરામ શાહ.

"મુખગણિત શિક્ષક" [illegible]ના [illegible] ના દરે ૨-૦-સુરત

દેશી રાજ્યોમાં ટેક્સ્ટ બુકસ ઇનામ અને
લાયબ્રેરી માટે મંજુર થએલો અને કેળવણીખાતાના
અધિકારી સાહેબો તેમજ વિદ્વાન સદ્ગૃહસ્થોના
ઉત્તમ સાટફિકેટ પામેલો

—ઃ બીજા ધોરણનો :—

મુખગણિત શિક્ષક ભાગ ૩

રચનારઃ—છગનલાલ મોતીરામ શાહ.
"મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા.
રચનારનું ઠેકાણું:—શાહપોર-સુરત.

પ્રસિદ્ધ કર્તા—છગનલાલ મોતીરામ શાહ.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર-સુરત.

સુરત ચઉટાના પુલપર ટાંકી પાસે આવેલા 'શંકર' પ્રિન્ટીંગ
પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યો.

સુધારેલી વધારેલી આવૃત્તિ ૧૧મી] [પ્રત ૩૦૦૦.

માર્ચ] [સને ૧૯૨૩.

કિંમત બે આના. પોસ્ટેજ જુદું

પૂર્ણાંક અને આણુપાણુના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરવાની સહેલી રીતો.

(૧) કોઈપણ રકમમાં ૧૦, ૨૦, ૩૦, વગેરે પુરા દશક ઉમેરવા અથવા બાદ કરવા હોય તો દશકમાં ૧, ૨, ૩, વગેરે ઉમેરવા અથવા બાદ કરવા. જેમકે:—૭૨+૪૦=૧૧૨. ૭૨−૪૦=૩૨.

(૨) કોઈ રકમમાં પુરા દશકથી વધારે ઉમેરવા અથવા બાદ કરવા હોય તો પહેલાં પુરા દશક ઉમેરવા અથવા બાદ કરવા અને પછી વધારાના ઉમેરવા અથવા બાદ કરવા જેમકે:—

૫૨+૨૫=(૫૨+૨૦+૫)=૭૭. ૫૨−૨૫=(૫૨−૨૦−૫=૨૭)

(૩) કોઈ રકમમાં તેજ રકમ ઉમેરવી હોય તો દુ કરવા જેમકે:—

૩૬+૩૬=૭૨; ૩૬×૨=૭૨

(૪) કોઈ રકમને ૧૦, ૧૦૦, ૧૦૦૦, એ ગુણવા હોય તો તે રકમ પર એક, બે, ત્રણ મીંડાં ચઢાવવાં. જેમકે:−૫×૧૦=૫૦; ૫×૧૦૦ =૫૦૦; ૫×૧૦૦૦=૫૦૦૦.

(૫) કોઈ રકમને ૨૦; ૩૦; ૪૦, વગેરેએ ગુણવા હોય તો તે રકમને ૨, ૩, ૪એ ગુણી મીંડું ચઢાવવું. ૨૦૦, ૩૦૦, વગેરેએ ગુણવા હોય તો બે મીંડાં ચઢાવવાં

(૬) આણુપાણુના અપૂર્ણાંકમાં આણુપાણુના અપૂર્ણાંક ઉમેરવા અથવા બાદ કરવા હોય તો પહેલી રકમમાં બીજી રકમના પૂર્ણાંક ઉમેરવા અથવા બાદ કરવા પછી બીજી રકમની પાણો ઉમેરવી અથવા બાદ કરવી. જેમકે:—

૧૩।।+૪।।; ૧૩।।+૪=૧૭।।, ૧૭।।+૦।।=૧૮।।
૧૩।।–૪।।; ૧૩।।–૪=૯।।, ૯।।–૦।।=૯

(૭) કોઇ રકમને દસે ગુણવા હોય અને તે રકમ પૂર્ણાંક હોય તો તે ઉપર એક મીડું ચઢાવવું. પણ છેડે એક પાણુ હોય તો પાણુને બદલે ૨ાા, બે પાણુને બદલે ૫, અને ત્રણ પાણુને બદલે ૭ાા ચઢાવવા. જેમકે—:૨૫ા, ૩૦ાા, ૭૮ાાા ને ૧૦ એ ગુણો. પહેલીમાં છેડે એક પાણુ; બીજામાં બે પાણુ અને ત્રીજીમાં ત્રણ પાણુ છે માટે ૨૫૨ાા, ૩૦૫, ૭૮૭ાા.

(૮) કોઇ રકમને ૨ાા, ૫, ૭ાા એ ગુણવા હોય તો ૦ા, ૦ાા, ૦ાાા એ ગુણવા એટલા દશક. કારણ કે ૨ાા=૦ા દશક. ૫=૦ાા દશક. ૭ાા=૦ાાા દશક છે.

(૯) કોઇ રકમને ૧૦૦એ ગુણવા હોય અને તે રકમ પૂર્ણાંક હોય તો તે ઉપર બે મીંડાં ચઢાવવાં; પણ છેડે એક પાણુ હોય તો પાણુને બદલે ૨૫, બે પાણુને બદલે ૫૦ અને ત્રણ પાણુને બદલે ૭૫ મુકવા.

(૧૦) કોઇ રકમને ૨૫, ૫૦, ૭૫, ૧૨૫, ૧૫૦, ૨૫૦ ,૩૫૦, એ ગુણવા હોય તો ૦ા, ૦ાા, ૦ાાા, ૧ા, ૧ાા, ૨ાા, ૩ાા એ ગુણવા એટલા સેંકડા. કારણ કે ૨૫=૦ા સો. ૫૦=૦ાા સો. ૭૫=૦ાાા સો છે.

(૧૧) કોઇ રકમને ૦ા એ ભાગવા હોય તો ૪ એ ગુણવા અને ૦ાા ભાગવા હોય તો ૨ એ ગુણવા. જેમકે:–૩૭÷૦ા=૩૭×૪=૧૪૮, ૩૭÷૦ાા=૩૭×૨=૭૪.

+શેરની ધાત.

શેરના અચ્છેરા	૨	૨ અચ્છેરે	૧ શેર
શેરના પાશેરા	૪	૪ પાશેરે	૧ શેર
શેરના નવટાંકા	૮	૮ નવટાંકે	૧ શેર
શેરના અધોળા	૧૬	૧૬ અધોળે	૧ શેર
શેરના રૂપીઆભાર	૪૦	૪૦ રૂપીઆભાર	૧ શેર
શેરના પૈસાભાર	૭૨	૭૨ જુના પૈસાભાર	૧ શેર

ટીપઃ—૭૨ જુના પૈસાભાર=૧ શેર, અને ૯૬ નવા પૈસાભાર=૧ શેર ગણાય છે.

શેરના રૂપીઆભાર	૪૦	૧૦ રૂપીઆભાર	૦। શેર
પોણોશેરના રૂપીઆભાર	૩૦	૫ રૂપીઆભાર	નવટાંક
અચ્છેરના રૂપીઆભાર	૨૦	૨॥ રૂપીઆભાર	અધોળ
પાશેરના રૂપીઆભાર	૧૦		
નવટાંકના રૂપીઆભાર	૫	શેરના	પૈસાભાર ૭૨
અધોળના રૂપીઆભાર	૨॥	પોણોશેરના	પૈસાભાર ૫૪
		અચ્છેરના	પૈસાભાર ૩૬
		પાશેરના	પૈસાભાર ૧૮
૪૦ રૂપીઆભાર	૧ શેર	નવટાંકના	પૈસાભાર ૯
૩૦ રૂપીઆભાર	૦॥। શેર	અધોળના	પૈસાભાર ૪॥
૨૦ રૂપીઆભાર	૦॥ શેર		

+વર્ગનાં ત્રાજવાં કાટલાં હાજર રાખી છોકરાઓ પાસે તોળા-વીને તેમના પાસેજ ઉપજાવી કઢાવવી. રૂપીઆની ધાતઃ જોડે શેરની ધાતનો સંબંધ જોડવો.

૭૨	પૈસાભાર	૧ શેર
૫૪	પૈસાભાર	૦॥। શેર
૩૬	પૈસાભાર	૦॥ શેર
૧૮	પૈસાભાર	૦। શેર
૯	પૈસાભાર	નવટાંક
૪॥	પૈસાભાર	અધોળ

શેરના	અધોળા	૧૬
પોણુશેરના	અધોળા	૧૨
અચ્છેર	અધોળા	૮
પાશેરના	અધોળા	૪
નવટાંકના	અધોળા	૨

૨ અધોળે	નવટાંક
૪ અધોળે	પાશેર
૮ અધોળે	અચ્છેર
૧૨ અધોળે	પોણુશેર
૧૬ અધોળે	એક શેર

શેરના	નવટાંકા	૮
પોણુશેરના	નવટાંકા	૬
અચ્છેરના	નવટાંકા	૪
પાશેરના	નવટાંકા	૨

૨ નવટાંકે	પાશેર
૪ નવટાંકે	અચ્છેર
૬ નવટાંકે	પોણુશેર
૮ નવટાંકે	એક શેર

શેરના	પાશેરા	૪
અચ્છેરના	પાશેરા	૨
પોણુશેરના	પાશેરા	૩
અચ્છેરના	પાશેરા	૨

૨ પાશેરે	અચ્છેર
૩ પાશેરે	પોણુશેર
૪ પાશેરે	એક શેર

રૂપીઆ	એકના	અડધા ૨
રૂપીઆ	એકની	પાવલી ૪
રૂપીઆ	એકની	બેઆની ૮
રૂપીઆ	એકના	આના ૧૬

શેર	એકના	અચ્છેરા ૨
શેર	એકના	પાશેરા ૪
શેર	એકના	નવટાંકા ૮
શેર	એકના	અધોળા ૧૬

મણની ધાત.

મણના અધમણીઆ	૨
મણના દસશેરા	૪
મણની પાંચશેરી	૮
મણની અઢીશેરી	૧૬
મણની સવાશેરી	૩૨
મણના શેર	૪૦

૨ અધમણીઆ	૧ મણ
૪ દસશેરા	૧ મણ
૮ પાંચશેરી	૧ મણ
૧૬ અઢીશેરી	૧ મણ
૩૨ સવાશેરી	૧ મણ
૪૦ શેર	૧ મણ

૧	મણના	૪૦ શેર
૦।।।	મણના	૩૦ શેર
૦।।	મણના	૨૦ શેર
૦।	મણના	૧૦ શેર

૪૦ શેર	૧ મણ
૩૦ શેર	૦।।। મણ
૨૦ શેર	૦।। મણ
૧૦ શેર	૦। મણ

૧ મણની	અઢીશેરી ૧૬
૦।।। મણની	અઢીશેરી ૧૨
૦।। મણની	અઢીશેરી ૮
૦। મણની	અઢીશેરી ૪
૫ શેરની	અઢીશેરી ૨

૨ અઢીશેરીએ	૫ શેર
૪ અઢીશેરીએ	૦। મણ
૮ અઢીશેરીએ	૦।। મણ
૧૨ અઢીશેરીએ	૦।।। મણ
૧૬ અઢીશેરીએ	૧ મણ

૧ મણની	પાંચશેરીએ ૮
૦।।। મણની	પાંચશેરી ૬
૦।। મણની	પાંચશેરી ૪
૦। મણની	પાંચશેરી ૨

૨ પાંચશેરીએ	૦। મણ	૦॥ મણના	દસશેરા ૨
૪ પાંચશેરીએ	૦॥ મણ	૦। મણના	દસશેરા ૧
૬ પાંચશેરીએ	૦॥। મણ		
૮ પાંચશેરીએ	૧ મણ	૧ દસશેરે	૦। મણ
		૨ દસશેરા	૦॥ મણ
		૩ દસશેરા	૦॥। મણ
૧ મણના દસશેરા	૪	૪ દસશેરા	૧ મણ
૦॥। મણના દસશેરા	૩		

આનાની ધાત.	૬૪ ,, રૂ. ૪)	૮૦૦ ,, રૂ. ૫૦)
૪ આનાનો રૂ. ૦।	૬૮ ,, રૂ. ૪।	૯૦૦ ,, રૂ. ૫૬।
૮ ,, રૂ. ૦॥	૭૨ ,, રૂ. ૪॥	૧૦૦૦ ,, રૂ. ૬૨॥
૧૨ ,, રૂ. ૦॥।	૭૬ ,, રૂ. ૪॥।	
૧૬ ,, રૂ. ૧)	૮૦ ,, રૂ. ૫)	૧૬ આનાનો રૂ. ૧)
૨૦ ,, રૂ. ૧।	૮૪ ,, રૂ. ૫।	૩૨ ,, રૂ. ૨)
૨૪ ,, રૂ. ૧॥	૮૮ ,, રૂ. ૫॥	૪૮ ,, રૂ. ૩)
૨૮ ,, રૂ. ૧॥।	૯૨ ,, રૂ. ૫॥।	૬૪ ,, રૂ. ૪)
૩૨ ,, રૂ. ૨)	૯૬ ,, રૂ. ૬)	૮૦ ,, રૂ. ૫)
૩૬ ,, રૂ. ૨।	૧૦૦ ,, રૂ. ૬।	૯૬ ,, રૂ. ૬)
૪૦ ,, રૂ. ૨॥	૨૦૦ ,, રૂ. ૧૨॥	૧૧૨ ,, રૂ. ૭)
૪૪ ,, રૂ. ૨॥।	૩૦૦ ,, રૂ. ૧૮॥।	૧૨૮ ,, રૂ. ૮)
૪૮ ,, રૂ. ૩)	૪૦૦ ,, રૂ. ૨૫)	૧૪૪ ,, રૂ. ૯)
૫૨ ,, રૂ. ૩।	૫૦૦ ,, રૂ. ૩૧।	૧૬૦ ,, રૂ. ૧૦)
૫૬ ,, રૂ. ૩॥	૬૦૦ ,, રૂ. ૩૭॥	સૂચના—પાત સવળી,
૬૦ ,, રૂ. ૩॥।	૭૦૦ ,, રૂ. ૪૩॥।	અવળી મોઢે કરાવવી.

૧×૦।।।=૦।।।	૧૧×૦।।।= ૮।	૨૧×૦।।।=૧૫।।।	૩૧×૦।।।=૨૩।
૨ ૦।।। ૧।।	૧૨ ૦।।। ૯	૨૨ ૦।।। ૧૬।।	૩૨ ૦।।। ૨૪
૩ ૦।।। ૨।	૧૩ ૦।।। ૯।।।	૨૩ ૦।।। ૧૭।	૩૩ ૦।।। ૨૪।।।
૪ ૦।।। ૩	૧૪ ૦।।। ૧૦।।	૨૪ ૦।।। ૧૮	૩૪ ૦।।। ૨૫।।
૫ ૦।।। ૩।।।	૧૫ ૦।।। ૧૧।	૨૫ ૦।।। ૧૮।।।	૩૫ ૦।।। ૨૬।
૬ ૦।।। ૪।।	૧૬ ૦।।। ૧૨	૨૬ ૦।।। ૧૯।।	૩૬ ૦।।। ૨૭
૭ ૦।।। ૫।	૧૭ ૦।।। ૧૨।।।	૨૭ ૦।।। ૨૦।	૩૭ ૦।।। ૨૭।।।
૮ ૦।।। ૬	૧૮ ૦।।। ૧૩।।	૨૮ ૦।।। ૨૧	૩૮ ૦।।। ૨૮।।
૯ ૦।।। ૬।।।	૧૯ ૦।।। ૧૪।	૨૯ ૦।।। ૨૧।।।	૩૯ ૦।।। ૨૯।
૧૦ ૦।।। ૭।।	૨૦ ૦।।। ૧૫	૩૦ ૦।।। ૨૨।।	૪૦ ૦।।। ૩૦
૪૧×૦।।।=૩૦।।।	૫૧×૦।।।=૩૮।	૬૧×૦।।।=૪૫।।।	૭૧×૦।।।=૫૩।
૪૨ ૦।।। ૩૧।।	૫૨ ૦।।। ૩૯	૬૨ ૦।।। ૪૬।।	૭૨ ૦।।। ૫૪
૪૩ ૦।।। ૩૨।	૫૩ ૦।।। ૩૯।।।	૬૩ ૦।।। ૪૭।	૭૩ ૦।।। ૫૪।।।
૪૪ ૦।।। ૩૩	૫૪ ૦।।। ૪૦।।	૬૪ ૦।।। ૪૮	૭૪ ૦।।। ૫૫।।
૪૫ ૦।।। ૩૩।।।	૫૫ ૦।।। ૪૧।	૬૫ ૦।।। ૪૮।।।	૭૫ ૦।।। ૫૬।
૪૬ ૦।।। ૩૪।।	૫૬ ૦।।। ૪૨	૬૬ ૦।।। ૪૯।।	૭૬ ૦।।। ૫૭
૪૭ ૦।।। ૩૫।	૫૭ ૦।।। ૪૨।।।	૬૭ ૦।।। ૫૦।	૭૭ ૦।।। ૫૭।।।
૪૮ ૦।।। ૩૬	૫૮ ૦।।। ૪૩।।	૬૮ ૦।।। ૫૧	૭૮ ૦।।। ૫૮।।
૪૯ ૦।।। ૩૬।।।	૫૯ ૦।।। ૪૪।	૬૯ ૦।।। ૫૧।।।	૭૯ ૦।।। ૫૯।
૫૦ ૦।।। ૩૭।।	૬૦ ૦।।। ૪૫	૭૦ ૦।।। ૫૨।।	૮૦ ૦।।। ૬૦
૮૧×૦।।।=૬૦।।।	૯૧×૦।।।=૬૮।		
૮૨ ૦।।। ૬૧।।	૯૨ ૦।।। ૬૯		
૮૩ ૦।।। ૬૨।	૯૩ ૦।।। ૬૯।।।		
૮૪ ૦।।। ૬૩	૯૪ ૦।।। ૭૦।।		
૮૫ ૦।।। ૬૩।।।	૯૫ ૦।।। ૭૧।		
૮૬ ૦।।। ૬૪।।	૯૬ ૦।।। ૭૨		
૮૭ ૦।।। ૬૫।	૯૭ ૦।।। ૭૨।।।		
૮૮ ૦।।। ૬૬	૯૮ ૦।।। ૭૩।।		
૮૯ ૦।।। ૬૬।।।	૯૯ ૦।।। ૭૪।		
૯૦ ૦।।। ૬૭।।	૧૦૦ ૦।।। ૭૫		

૧×૧॥=		૧॥	૨×૦॥=		૧॥	૧૧×૧॥=૧૬॥			૨૨×૦॥		૧૬॥
૨	૧॥	૩	૪	૦॥	૩	૧૨	૧॥	૧૮	૨૪	૦॥	૧૮
૩	૧॥	૪॥	૬	૦॥	૪॥	૧૩	૧॥	૧૯॥	૨૬	૦॥	૧૯॥
૪	૧॥	૬	૮	૦॥	૬	૧૪	૧॥	૨૧	૨૮	૦॥	૨૧
૫	૧॥	૭॥	૧૦	૦॥	૭॥	૧૫	૧॥	૨૨॥	૩૦	૦॥	૨૨॥
૬	૧॥	૯	૧૨	૦॥	૯	૧૬	૧॥	૨૪	૩૨	૦॥	૨૪
૭	૧॥	૧૦॥	૧૪	૦॥	૧૦॥	૧૭	૧॥	૨૫॥	૩૪	૦॥	૨૫॥
૮	૧॥	૧૨	૧૬	૦॥	૧૨	૧૮	૧॥	૨૭	૩૬	૦॥	૨૭
૯	૧॥	૧૩॥	૧૮	૦॥	૧૩॥	૧૯	૧॥	૨૮॥	૩૮	૦॥	૨૮॥
૧૦	૧॥	૧૫	૨૦	૦॥	૧૫	૨૦	૧॥	૩૦	૪૦	૦॥	૩૦
૨૧×૧॥=૩૧॥			૪૨×૦॥=૩૧॥			૩૧×૧॥=૪૬॥			૬૨×૦॥=૪૬॥		
૨૨	૧॥	૩૩	૪૪	૦॥	૩૩	૩૨	૧॥	૪૮	૬૪	૦॥	૪૮
૨૩	૧॥	૩૪॥	૪૬	૦॥	૩૪॥	૩૩	૧॥	૪૯॥	૬૬	૦॥	૪૯॥
૨૪	૧॥	૩૬	૪૮	૦॥	૩૬	૩૪	૧॥	૫૧	૬૮	૦॥	૫૧
૨૫	૧॥	૩૭॥	૫૦	૦॥	૩૭॥	૩૫	૧॥	૫૨॥	૭૦	૦॥	૫૨॥
૨૬	૧॥	૩૯	૫૨	૦॥	૩૯	૩૬	૧॥	૫૪	૭૨	૦॥	૫૪
૨૭	૧॥	૪૦॥	૫૪	૦॥	૪૦॥	૩૭	૧॥	૫૫॥	૭૪	૦॥	૫[illegible]॥
૨૮	૧॥	૪૨	[illegible]૬	૦॥	૪૨	૩૮	૧॥	૫૭	૭૬	૦॥	[illegible]૭
૨૯	૧॥	૪૩॥	૫૮	૦॥	૪૩॥	૩૯	૧॥	૫૮॥	૭૮	૦॥	૫[illegible]॥
૩૦	૧॥	૪૫	૬૦	૦॥	૪૫	૪૦	૧॥	૬૦	૮૦	૦॥	૬૦
૪૧×૧॥=૬૧॥			૮૨×૦॥=૬૧॥			પહેલી ચોપડીના “ડિકટેશન શિક્ષક” અઢી આના.			ચોથી ચોપડીના “ડિકટેશન શિક્ષક” ચાર આના.		
૪૨	૧॥	૬૩	૮૪	૦॥	૬૩						
૪૩	૧॥	૬૪॥	૮૬	૦॥	૬૪॥						
૪૪	૧॥	૬૬	૮૮	૦॥	૬૬						
૪૫	૧॥	૬૭॥	૯૦	૦॥	૬૭॥						
૪૬	૧॥	૬૯	૯૨	૦॥	૬૯						
૪૭	૧॥	૭૦॥	૯૪	૦॥	૭૦॥						
૪૮	૧॥	૭૨	૯૬	૦॥	૭૨						
૪૯	૧॥	૭૩॥	૯૮	૦॥	૭૩॥						
૫૦	૧॥	૭૫	૧૦૦	૦॥	૭૫						

૧×	૧। =	૧।	૧૧×	૧।=	૧૩॥।	૨૧×	૧।=	૨૬।	૩૧×	૧।	૩૮॥।
૨	૧।	૨॥	૧૨	૧।	૧૫	૨૨	૧।	૨૭॥	૩૨	૧।	૪૦
૩	૧।	૩॥।	૧૩	૧।	૧૬।	૨૩	૧।	૨૮॥।	૩૩	૧।	૪૧।
૪	૧।	૫	૧૪	૧।	૧૭॥	૨૪	૧।	૩૦	૩૪	૧।	૪૨॥
૫	૧।	૬।	૧૫	૧।	૧૮॥।	૨૫	૧।	૩૧।	૩૫	૧।	૪૩॥।
૬	૧।	૭॥	૧૬	૧।	૨૦	૨૬	૧।	૩૨॥	૩૬	૧।	૪૫
૭	૧।	૮॥।	૧૭	૧।	૨૧।	૨૭	૧।	૩૩॥।	૩૭	૧।	૪૬।
૮	૧।	૧૦	૧૮	૧।	૨૨॥	૨૮	૧।	૩૫	૩૮	૧।	૪૭॥
૯	૧।	૧૧।	૧૯	૧।	૨૩॥।	૨૯	૧।	૩૬।	૩૯	૧।	૪૮॥।
૧૦	૧।	૧૨॥	૨૦	૧।	૨૫	૩૦	૧।	૩૭॥	૪૦	૧।	૫૦
૪૧×	૧।=	૫૧।	૫૧×	૧।=	૬૩॥।	૬૧×	૧।	૭૬।	૭૧×	૧।=	૮૮॥।
૪૨	૧।	૫૨॥	૫૨	૧।	૬૫	૬૨	૧।	૭૭॥	૭૨	૧।	૯૦
૪૩	૧।	૫૩॥।	૫૩	૧।	૬૬।	૬૩	૧।	૭૮॥।	૭૩	૧।	૯૧।
૪૪	૧।	૫૫	૫૪	૧।	૬૭॥	૬૪	૧।	૮૦	૭૪	૧।	૯૨॥
૪૫	૧।	૫૬।	૫૫	૧।	૬૮॥।	૬૫	૧।	૮૧।	૭૫	૧।	૯૩॥।
૪૬	૧।	૫૭॥	૫૬	૧।	૭૦	૬૬	૧।	૮૨॥	૭૬	૧।	૯૫
૪૭	૧।	૫૮॥।	૫૭	૧।	૭૧।	૬૭	૧।	૮૩॥।	૭૭	૧।	૯૬।
૪૮	૧।	૬૦	૫૮	૧।	૭૨॥	૬૮	૧।	૮૫	૭૮	૧।	૯૭॥
૪૯	૧।	૬૧।	૫૯	૧।	૭૩॥।	૬૯	૧।	૮૬।	૭૯	૧।	૯૮॥।
૫૦	૧।	૬૨॥	૬૦	૧।	૭૫	૭૦	૧।	૮૭॥	૮૦	૧।	૧૦૦
૮૧×	૧।	૧૦૧।	૯૧×	૧।=	૧૧૩॥।						
૮૨	૧।	૧૦૨॥	૯૨	૧।	૧૧૫						
૮૩	૧।	૧૦૩॥।	૯૩	૧।	૧૧૬।						
૮૪	૧।	૧૦૫	૯૪	૧।	૧૧૭॥						
૮૫	૧।	૧૦૬।	૯૫	૧।	૧૧૮॥।						
૮૬	૧।	૧૦૭॥	૯૬	૧।	૧૨૦						
૮૭	૧।	૧૦૮॥।	૯૭	૧।	૧૨૧।						
૮૮	૧।	૧૧૦	૯૮	૧।	૧૨૨॥						
૮૯	૧।	૧૧૧।	૯૯	૧।	૧૨૩॥।						
૯૦	૧।	૧૧૨॥	૧૦૦	૧।	૧૨૫						

૧×૨॥= ૨॥	૨×૧।= ૨॥	૧૧×૨॥=૨૭॥	૨૨×૧।=૨૭॥
૨ ૨॥ ૫	૪ ૧। ૫	૧૨ ૨॥ ૩૦	૨૪ ૧। ૩૦
૩ ૨॥ ૭॥	૬ ૧। ૭॥	૧૩ ૨॥ ૩૨॥	૨૬ ૧। ૩૨॥
૪ ૨॥ ૧૦	૮ ૧। ૧૦	૧૪ ૨॥ ૩૫	૨૮ ૧। ૩૫
૫ ૨॥ ૧૨॥	૧૦ ૧। ૧૨॥	૧૫ ૨॥ ૩૭॥	૩૦ ૧। ૩૭॥
૬ ૨॥ ૧૫	૧૨ ૧। ૧૫	૧૬ ૨॥ ૪૦	૩૨ ૧। ૪૦
૭ ૨॥ ૧૭॥	૧૪ ૧। ૧૭॥	૧૭ ૨॥ ૪૨॥	૩૪ ૧। ૪૨॥
૮ ૨॥ ૨૦	૧૬ ૧। ૨૦	૧૮ ૨॥ ૪૫	૩૬ ૧। ૪૫
૯ ૨॥ ૨૨॥	૧૮ ૧। ૨૨॥	૧૯ ૨॥ ૪૭॥	૩૮ ૧। ૪૭॥
૧૦ ૨॥ ૨૫	૨૦ ૧। ૨૫	૨૦ ૨॥ ૫૦	૪૦ ૧। ૫૦
૨૧×૨॥=૫૨॥	૪૨×૧।=૫૨॥	૩૧×૨॥=૭૭॥	૬૨×૧।=૭૭॥
૨૨ ૨॥ ૫૫	૪૪ ૧। ૫૫	૩૨ ૨॥ ૮૦	૬૪ ૧। ૮૦
૨૩ ૨॥ ૫૭॥	૪૬ ૧। ૫૭॥	૩૩ ૨॥ ૮૨॥	૬૬ ૧। ૮૨॥
૨૪ ૨॥ ૬૦	૪૮ ૧। ૬૦	૩૪ ૨॥ ૮૫	૬૮ ૧। ૮૫
૨૫ ૨॥ ૬૨॥	૫૦ ૧। ૬૨॥	૩૫ ૨॥ ૮૭॥	૭૦ ૧। ૮૭॥
૨૬ ૨॥ ૬૫	૫૨ ૧। ૬૫	૩૬ ૨॥ ૯૦	૭૨ ૧। ૯૦
૨૭ ૨॥ ૬૭॥	૫૪ ૧। ૬૭॥	૩૭ ૨॥ ૯૨॥	૭૪ ૧। ૯૨॥
૨૮ ૨॥ ૭૦	૫૬ ૧। ૭૦	૩૮ ૨॥ ૯૫	૭૬ ૧। ૯૫
૨૯ ૨॥ ૭૨॥	૫૮ ૧। ૭૨॥	૩૯ ૨॥ ૯૭॥	૭૮ ૧। ૯૭॥
૩૦ ૨॥ ૭૫	૬૦ ૧। ૭૫	૪૦ ૨॥ ૧૦૦	૮૦ ૧। ૧૦૦
૪૧×૨॥=૧૦૨॥	૮૨×૧।=૧૦૨॥		
૪૨ ૨॥ ૧૦૫	૮૪ ૧। ૧૦૫		
૪૩ ૨॥ ૧૦૭॥	૮૬ ૧। ૧૦૭॥		
૪૪ ૨॥ ૧૧૦	૮૮ ૧। ૧૧૦		
૪૫ ૨॥ ૧૧૨॥	૯૦ ૧। ૧૧૨॥		
૪૬ ૨॥ ૧૧૫	૯૨ ૧। ૧૧૫		
૪૭ ૨॥ ૧૧૭॥	૯૪ ૧। ૧૧૭॥		
૪૮ ૨॥ ૧૨૦	૯૬ ૧। ૧૨૦		
૪૯ ૨॥ ૧૨૨॥	૯૮ ૧। ૧૨૨॥		
૫૦ ૨॥ ૧૨૫	૧૦૦ ૧। ૧૨૫		

અંકે પોણું પોણું

૧×૦॥।=૦॥।		
૨	૦॥।	૧॥
૩	૦॥।	૨।
૪	૦॥।	૩
૫	૦॥।	૩॥।
૬	૦॥।	૪॥
૭	૦॥।	૫।
૮	૦॥।	૬
૯	૦॥।	૬॥।
૧૦	૦॥।	૭॥

અંકે પોણું પોણું

૧૦૦×૦॥।=૭૫		
૨૦૦	૦॥।	૧૫૦
૩૦૦	૦॥।	૨૨૫
૪૦૦	૦॥।	૩૦૦
૫૦૦	૦॥।	૩૭૫
૬૦૦	૦॥।	૪૫૦
૭૦૦	૦॥।	૫૨૫
૮૦૦	૦॥।	૬૦૦
૯૦૦	૦॥।	૬૭૫
૧૦૦૦	૦॥।	૭૫૦

અંકે સવા સવા

૧×૧।=૧।		
૨	૧।	૨॥
૩	૧।	૩॥।
૪	૧।	૫
૫	૧।	૬।
૬	૧।	૭॥
૭	૧।	૮॥।
૮	૧।	૧૦
૯	૧।	૧૧।
૧૦	૧।	૧૨॥

અંકે સવા સવા

૧૦૦×૧।=૧૨૫		
૨૦૦	૧।	૨૫૦
૩૦૦	૧।	૩૭૫
૪૦૦	૧।	૩૦૦
૫૦૦	૧।	૩૭૫
૬૦૦	૧।	૭૫૦
૭૦૦	૧।	૮૭૫
૮૦૦	૧।	૧૦૦૦
૯૦૦	૧।	૧૧૨૫
૧૦૦૦	૧।	૧૨૫૦

એક વખતાં ને આઠ વાંચતાં બોલતાં

બોલ્યું કોણે તે વાંચ તો "ડિકટેશન શિક્ષક" ખરીદો.

મનોયત્ન ૧.

૧૧×૧ થી ૨૦×૧૦ સુધીના આંકનો ઉપયોગ.

સૂચના:—એક પ્રશ્નમાં એકથી વધારે પ્રશ્ન હોય તો એકેક પૂછવા.

(૧) એક ખુરસીના ચાર રૂપીઆ બેસે તો ૧૯ ખુરસીનું શું બેસશે?

(૨) એક કોથળીમાં ૧૭ રૂપીઆ છે, તો એવી ૯ કોથળીમાં મળીને કેટલા રૂપીઆ હશે?

(૩) દરેક છોકરાને ૮, ૮ પતાસાં આપીએ તો ૧૪ છોકરાને આપવાને કેટલાં પતાસાં જોઇએ?

(૪) ૧૫, ૧૯, ૧૮, ૧૭, ૧૩, અને ૧૪ પાંચ વખત લઇએ તો કેટલા થાય ? પાંચે ગુણીએ તો શું આવે?

(૫) ૨૦ ત્રણ વાર લઇએ તો કેટલા થાય ? ૧૬×૧ થી ૧૬×૧૦ સુધીના જવાબ બોલો.

(૬) ૧૧×૧ થી ૨૦×૧૦ સુધીમાં નવની પલાખીના જવાબ બોલો.

(૭) ૧૯×૫, ૧૩×૭, ૧૪×૮, ૧૫×૯, ૧૮×૭, ૧૭×૬ કેટલા ?

(૮) ૧૩ પાંચવાર, ૧૭ સાતવાર, ૧૯ છવાર, ૧૫ સાતવાર ૧૩ નવવાર. અને ૧૮ છવાર તે કેટલા?

(૯) ૧૯, ૧૫, ૧૭, ૧૩, ૧૧, ૧૨, ૧૬, ૧૮, ૨૦, અને ૧૪, આઠ વખત લઇએ તો કેટલા થાય ?

(૧૦) ૧૯×૬, ૧૫×૭, ૧૭×૬, ૧૩×૯ ૧૪×૮, ૧૨×૯, ૧૬×૪ અને ૧૮×૮ તો કેટલા ?

(૧૧) ૭ બેઆનીની દોઢઆઇ કેટલી અને પૈસા કેટલા ?

(૧૨) ૧, ૨, ૩, ૪ એમ દસ રૂપીઆ સુધીના આના કહો.

(૧૩) ૪ જમરૂખનો એક આનો બેસે તો ૧ રૂપીઆમાં કેટલાં જમરૂખ આવે ?

(૧૪) કેટલી બેઆની હોય તો ૧૭ રૂપીઆ મળે ?

(૧૫) ૭૬+૧૯, ૭૨+૧૮, ૧૦૫+૧૫, ૧૧૭+૧૩, ૮૪+૧૨, કેટલા ?

(૧૬) ૭૭+૧૧, ૯૬+૨૬, ૬૦+૧૨, ૮૪+૧૪, ૮૪+૧૨, કેટલા ?

(૧૭) ૧૧+૮૮, ૧૨+૯૬, ૧૩+૬૫, ૧૪+૯૮, ૧૫+૭૫, કેટલા ?

(૧૮) ૧૭+૧૩૬, ૧૮+૧૪૪, ૧૯+૧૫૨, ૨૦+૧૪૦, કેટલા ?

(૧૯) ૯૫-૧૯, ૯૦-૧૮, ૧૨૦-૧૫, ૧૪૦-૧૪, ૯૬-૧૨ કેટલા?
(૨૦) ૮૮-૧૧. ૧૧૨-૧૬, ૧૮૮-૧૨, ૯૮-૧૪, ૧૦૦-૨૦ કેટલા?
(૨૧) ૧૮૦માંથી કંઇ ન વધે ત્યાં સુધી અઢાર અઢાર લેતા જાઓ અને બાકી શું વધે તે કહેતા જાઓ.
(૨૨) ૯૫માં ૧૯ ઉમેરીએ તો કેટલા થાય? ૧૩૩માંથી ૧૧૪ જાય તો કેટલા રહે? ૧૩૩માંથી ૧૯ જાય તો કેટલા રહે?
(૨૩) ઓગણીઆ, પંદરા, તેરા, સત્તરા, અને બારા સવળા તથા અવળા બોલો.
(૨૪) ૧૮ છોકરાની ૭ હાર થવામાં ૧૮ છોકરા ખૂટે છે, ત્યારે કેટલા છોકરા હશે?
(૨૫) આનાની ચાર લેખે ૧૮ આનાની કેરી લો લીધી અને બીજી આનાની ૬ લેખે બેઆનાની લીધી તો બધી મળી કેટલી કેરી થઇ?
(૨૬) પાવલાના ૯ લીંબુ મળે તો રૂપીઆના કેટલાં?
(૨૭) બારોતેરસો, પાંચોતેરસો, આઠોતેરસો, સતરોતેરસો, બીલતેરસો અને હાઓતેરસો એટલે કેટલા?
(૨૮) ૧૦૨, ૧૦૫, ૧૦૮, ૧૧૦, ૧૨૮, ૧૩૧, ૧૧૪, ૧૧૭, ૧૧૨, ૧૮૦, એ આંકમાં કેમ બોલાય?
(૨૯) ૯૧ રૂપીઆમાંથી તેર તેર રૂપીઆવાળી કેટલી સાડી આવે?
(૩૦) ૯૫ બોરમાંથી દરેકને પાંચ પાંચ બોર આપું તો કેટલા છોકરાને અપાય? ઓગણીસ ઓગણીસ આપું તો કેટલા છોકરાને અપાય?
(૩૧) કેટલા ચોક પર? કેટલા પંચા સાઠ? કેટલા ચોક સાઠ?
(૩૨) ૧૪૪મા ૮, ૯, ૧૬ અને ૧૮ કેટલીવાર છે?
(૩૩) ૯૬માં ૬ કેટલીવાર, ૧૨ કેટલીવાર, ૮ કેટલીવાર અને ૧૬ કેટલીવાર?

(૩૪) કેટલા ચોક ૬૪, ૬૮. ૫૬, ૭૬, ૮૦, ૭૨ અને ૬૦ થાય ?
(૩૫) કેટલા આના હોય તો ૯ રૂપીઆ આવે ?
(૩૬) ૧૫૨ બોર વહેંચતા દરેકને ૮ બોર આવ્યાં ત્યારે છોકરા કેટલા હશે ?
(૩૭) કયા કયા પલાખામાં ૭૨ આવે ? દોઢસો એટલે કેટલા દશક ?
(૩૮) ૭ આનાની પાઇ વટાવી ૧૨ છોકરાને વહેંચી આપી તો દરેકને કેટલી મળી હશે ?
(૩૯) ૧૫ છોકરાની ૮ હાર કરવાને બદલે ૧૨ છોકરાની કેટલી હાર કરવી ?
(૪૦) ૮ પૈસાના ૧૫૨ બોર તો ૭ પૈસાના કેટલા ?
(૪૧) ૧૪૪ જે જે પલાખામાં આવતા હોય તે કહો.

મનોયત્ન ૨.

૨૧×૧ થી ૩૦×૧૦ સુધીના આંકનો ઉપયોગ.

(૧) ૨૯×૫, ૨૩×૮, ૨૮×૬, ૨૩×૯, ૨૫×૭, ૨૯×૭ કેટલા ?
(૨) ૨૩ પાંચવાર. ૨૭ સાતવાર, ૨૬ નવવાર અને ૨૪ છવાર તે કેટલા ?
(૩) ૨૫, ૨૯, ૨૮, ૨૩, ૨૬, ૨૪ને ત્રણે ગુણીએ શું આવે ?
(૪) એક કોટની શીવડામણ ૭ રૂપીઆ થાય તો ૧૫૦ રૂપીઆમાં કેટલા કોટ શિવાય અને બાકી શું વધે ?
(૫) એક ટેબલના ૨૬ રૂપીઆ બેસે છે તો ૮ ટેબલનું શું બેસશે ?
(૬) ૨૯ ગજનો એક એવા ૭ તાકા છે તો બધું મળીને કેટલા ગજ કપડું હશે ?

(૭) એક ગાડામાં ૩૦ મણ એવા ૭ ગાડામાં ઘઉં ભરેલા છે તો તો બધું મળીને કેટલા મણ ઘઉં હશે ?

(૮) મહીનાનો ખરચ ૨૫ રૂપીઆ થાય તો ૭ મહીનાનો કેટલો ?

(૯) દર મહીને ૨૭ રૂપીઆ ખરચું, તોપણ મારી પાસે ૯ મહીના ચાલે એટલા રૂપીઆ છે, ત્યારે કેટલા રૂપીઆ હશે ?

(૧૦) ઓગણત્રીસા, પચીસા, અઠ્ઠાવીસા અને સત્તાવીસા સવળા તથા અવળા બોલો.

(૧૧) ૨૧×૧થી ૩૦×૧૦ સુધીમાં ૩, ૫, ૭ અને ૪ની પલાખી લખો.

(૧૨) ૨૧×૧થી ૩૦×૧૦ સુધીમાં નવની પલાખી બોલો.

(૧૩) ૨૮ આનાના સવાકા, ઢચું, અને અઘેલા કેટલા ?

(૧૪) ૨૨૪, ૨૫૨, ૨૩૨. ૨૦૭, ૨૧૬, ૧૭૫, ૧૩૫, ૨૩૪, ૨૦૮, ૨૦૭; ૨૧૭ એ આંકમાં કેવી રીતે બોલાય છે ?

(૧૫) છવીસાસો, બેસાતોતેર, બેઆવના, બેતીલોતેર, બેચોત્રીસા લખો.

(૧૬) ૧૪૫+૨૯, ૨૪૩+૨૭, ૨૦૭+૨૩, ૧૭૫+૨૫ ૧૪૭+૨૧ કેટલા?

(૧૭) ૩૦+૨૪૦, ૨૭+૮૧, ૨૫+૧૭૫, ૨૬+૧૫૬, ૨૯+૨૦૩ કેટલા ?

(૧૮) ૨૦૦-૨૫, ૨૦૭-૨૩, ૧૭૫-૨૫, ૨૧૬-૨૪, કેટલા ?

(૧૯) ૧૪૭-૧૨૬, ૧૮૯-૧૬૨, ૧૨૫-૧૦૦, ૧૨૮-૧૧૨, કેટલા ?

(૨૦) ૩૦૦માં ૧૨ કેરી ઓછી છે ત્યારે કેટલા હશે ?

(૨૧) ૨૬૧માંથી કંઇ ન વધે ત્યાં સુધી ઓગણત્રીસ ઓગણત્રીસ બાદ કરતા જાઓ અને બાકી શું વધે તે કહેતા જાઓ.

(૨૨) ૧૩૫ ગજ આદરપાટમાંથી ૫ ગજના કેટલાં ધોતીઆં થાય ?

(૨૩) કેટલી વખત ૨૬ કેરી લઉં તો ૨૩૪ કેરી થાય ?

(૨૪) એક નિશાળમાં ૨૦૭ છોકરા છે, દરેક વર્ગમાં ૨૩ છોકરા છે, તો વર્ગ કેટલા હશે ?

(૨૫) એક નિશાળમાં ૨૫૨ છોકરા છે. અને ૯ વર્ગ છે, ત્યારે દરેક વર્ગમાં છોકરા કેટલા હશે ?

(૨૬) કેટલી વખત ૭ લઇએ તો ૧૬૮, ૧૬૨, ૧૫૬, ૧૩૨, ૧૭૪, ૧૩૮ અને ૧૨૬ થાય ?

(૨૭) કયા કયા પલાખામાં ૧૪૪ અને ૯૬ આવે ?

(૨૮) મેં એક માણસને દસ દસ રૂપીઆવાળી ૨૬ નોટો આપી અને ૯ રૂપીઆ રોકડા આપ્યા ત્યારે પોણી ત્રણસોથી કેટલા વધારે અથવા ઓછા આપ્યા ?

મનોયત્ન ૩.

અડધાના આંકનો ઉપયોગ.

(૧) એક કાગળના બે સરખા ભાગ પાડીએ તો દરેક ભાગ કેટલો કહેવાય ?

(૨) ૭ અડધા કાગળ છે તેના આખા કાગળ કેટલા હશે ?

(૩) ૨૪ અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા ?

(૪) હું દરરોજ ૦॥ લાડુ ખાઉં, તો ૩૨ દિવસ ચાલે એટલા લાડુ છે ત્યારે કેટલા લાડુ હશે ?

(૫) એક ટોપીનો અડધો રૂપીઓ બેસે છે. તો ૬૯ ટોપી લેવાને કેટલા રૂપીઆ જોઇએ ?

(૬) ૧૭×૦॥, ૨૩×૦॥, ૪૭×૦॥, ૫૯×૦॥, ૬૭×૦॥ કેટલા ?

(૭) અડધાની બેકીની પલાખી બોલી જાઓ.

(૮) અડધાની એકીની પલાખી બોલો.

(૯) ૫૦૦ અડધા રૂપીઆ છે, તેના આખા રૂપીઆ કેટલા આવશે ?

(૧૦) ૭ાા રૂપીએ મણ સોપારી મળે તો ૩૭ મણનું શું બેસે ?

(૧૧) ૩૭ાાાંમાં ૧૨ાા ઉમેરીએ તો કેટલા થાય ?

(૧૨) ૨ાા રૂપીઆનું ઘી, ૧ાા રૂપીઆનું શાક અને ૧૨ાા રૂપીઆનું અનાજ લીધું તો બધુ મળીને કેટલો ખર્ચ થયો ?

(૧૩) ૩૦ાા+૦ાા+૩ાા+૩૪ાાં મળીને કેટલા થાય ?

(૧૪) કેટલીવાર અડધો લઇએ તો ૩૨ાા થાય ?

(૧૫) ૩૭ાા આખાના અડધા કેટલા ? ૨૯ અડધાના આખા કેટલા ?

(૧૬) ૪૫ રૂપીઆ છે, દરેક ભીખારીને ૦ાા રૂપીઓ આપું તો કેટલાને અપાય ?

(૧૭) એક ખમીસની શીવડામણી ૦ાા રૂપીઓ બેસે છે, તો ૨૪ રૂપીઆમાં કેટલા ખમીસ શીવડાવાશે ?

(૧૮) દરરોજ અડધો શેર અનાજ ખાઉં તો ૩૭ શેર અનાજ કેટલા દિવસ ચાલે ?

(૧૯) ૩૯ સોપારી છે, તેના અડધા અડધા કેટલા કકડા થશે ?

(૨૦) ૪૬ અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા આવશે

(૨૧) ૩૬ ગજ લુગડામાંથી અડધા અડધા ગજના કેટલા રૂમાલ થશે ?

(૨૨) કેટલા અડધા હોય તો તેના આખા પુરેપુરા થાય ?
(જ. ૨. ૪. ૬, ઇત્યાદિ)

(૨૩) દરરોજના ૦ાા રૂપીઆ લેખે ૧૮ માણસને ૯ દિવસના કેટલા રૂપીઆ આપવા પડશે ?

મનોયત્ન ૪.

દોઢાના આંકનો ઉપયોગ.

(૧) એક ને અડધો મળી કેટલા થાય ?

(૨) અડધો ને એક મળી કેટલા થાય ?

(૩) કેટલા અડધા કાગળ હોય તો દોઢ કાગળ થાય ?

(૪) અડધો કેટલીવાર લઈએ તો દોઢ થાય ?

(૫) દોઢ કાગળમાંથી અડધો કાગળ કેટલા છોકરાને અપાય ?

(૬) દોઢમાં પોણો કેટલીવાર અને અડધો કેટલીવાર ?

(૭) પોણો કેટલીવાર લઈએ તો દોઢ થાય ?

(૮) દેઢ રૂપીઓ હતો તેમાં દોઢ ઉમેરીએ તો કેટલા થાય ?

(૯) ત્રણ લાડુમાંથી દોઢ ખાધો તો કેટલા રહ્યા ?

(૧૦) મારી પાસે ૦॥ રૂપીઓ છે, તેમાં શું ઉમેરૂં તો દોઢ થાય ?

(૧૧) ૫૫×૧॥, ૬૯×૧॥ ૯૫×૧॥, ૬૭×૧॥, ૭૦૦×૧॥, કેટલા ?

(૧૨) એક તાંબડામાં દોઢ મણ દૂધ માય તો ૨૭ તાંબડામાં કેટલું માશે ?

(૧૩) રૂપીઆની ૧॥ શેર ખાંડ મળે, તો ૩૭ રૂપીઆની કેટલી આવે ?

(૧૪) એક બંડીમાં દોઢ ગજ કપડું વપરાય, તો ૫૯ બંડી માટે કેટલા ગજ કપડું જોઈશે ?

(૧૫) એક આનાના દોઢ શેર કારેલાં મળે, તો ૩ રૂપીઆનાં કેટલાં આવશે ?

(૧૬) એક બળદને ૧॥ શેર અડદ જોઈએ, તો ૬૭ બળદને માટે કેટલા શેર અડદ જોઈશે ?

(૧૭) એક લોટાનું વજન ૧॥ શેર થાય, તો ૫૭ લોટાનું વજન કેટલું થશે ?

(૧૮) એક સાધુને ૧॥ શેર લોટ આપીએ તો ૭૯ સાધુને આપવાને કેટલો લોટ જોઇએ ?

(૧૯) એક શેર એલચીનો ૧॥ રૂપીઓ બેસે તો ૨૯ શેર એલચીનું શું બેસશે ?

(૨૦) મણ ઘીના ૪૭ રૂપીઆ બેસે તો ૧॥ મણનું શું બેસે?

(૨૧) એક તપેલામાથી દોઢશેરીઓ લોટો ૬૪ વખત ભરી આપ્યો ત્યારે કેટલું દૂધ આપ્યું ?

(૨૨) દોઢાની બેકીની પલાખી બોલો. દોઢાની એકની પલાખી બોલો.

(૨૩) ૬૯+૧॥. ૪૬॥+૧॥, ૧૦૨+૧॥, ૪૫+૧॥, ૯૯+૧॥, કેટલા!

(૨૪) ૧॥+૮૨॥, ૧॥+૪૫, ૧॥+૬૭॥. ૧॥+૭૨, કેટલા ?

(૨૫) ૧૦॥–૧॥, ૬૯–૧॥, ૧૦૨–૧॥, ૧૧૨॥–૧॥ કેટલા ?

(૨૬) ૨૮। મણ દૂધમાંથી ૨૭ • ણુ વપરયું ત્યારે બાકી કેટલું રહ્યું?

(૨૭) ચોવાસ આખા અને ૨૪ અડધા મળીને કેટલા થાય ?

(૨૮) કેટલીવાર દોઢ લઇએ તો ૫૭ થાય ?

(૨૯) ૫૫॥માં દોઢ કેટલીવાર છે ? કેટલીવાર દોઢ લઇએ તો ૫૫॥ થાય!

(૩૦) ૭૫ રૂપીઆમાંથી ૧॥ રૂપીઆવાળી કેટલી ટોપી આવશે ?

(૩૧) ૪૭ છોકરા વચ્ચે ૭૦॥ રૂપીઆ વહેંચ્યુ તો દરેકને શું મળશે ?

(૩૨) દોઢ શેર ખાંડ રોજ વપરાય તો ૩૭॥ શેર ખાંડ કેટલા દિવસ ચાલશે ?

(૩૩) ૧॥ ગજ ખાદીનો રૂ. ૧ બેસે તો ૪૦॥ ગજ ખાદીનું શું ?

(૩૪) ૭૯॥ રૂપીઆમાં ૫૩ બદન લીધાં તો એકની કિંમત કેટલી પડી ?

(૩૫) કેટલા દોઢે ૭૨ ? કેટલા દોઢું ૧૦૦॥ ? કેટલા દોઢે ૧૫૦૦ ?

(૩૬) ૪૩॥ ગજના તાકામાંથી ૧॥ ગજના કેટલા રૂમાલ થાય ?

(૩૭) રોજ ૧॥ રૂપીઓ વાપરૂં તો ૯૦ રૂપીઆ કેટલા દિવસ ચાલે ?

(૩૮) દરેક છોકરાને દોઢ કાગળ આપીએ તો ૩૯ કાગળ કેટલા છોકરાને અપાય ?

(૩૯) જેટલા અડધા તેટલાજ રૂપીઆ કેટલીવાર લઉં તો ૯૬ રૂપીઆ થાય ?

(૪૦) દોઢ રૂપીઆની ૧ શેર ઘીં મળે તો ૩૯ શેરનું શું બેસશે ?

(૪૧) ૪૮ માં દોઢ કેટલીવાર ઉમેરૂં તો ૭૨ થાય ?

(૪૨) ૫૭ પંચીઆના ૮૫॥ રૂપીઆ બેઠા તો એ લેખે ૭ પંચીઆનું શું આપવું પડશે ?

(૪૩) એક માણસ દરરોજ ૧॥ રૂપીઓ કમાય તો ૧૪ માણસો ૯ દિવસમાં શું કમાશે ?

(૪૪) ૧॥આને શેર વેંગણ મળે છે તો ૧॥ રૂપીઆમાં કેટલા આવે ?

મનોયત્ન ૫.

અઢીઆના આંકનો ઉપયોગ.

(૧) બે ને અડધો કેટલા ?

(૨) દોઢમાં શું ઉમેરીએ તો ૨॥ થાય ?

(૩) ૪૭॥+૨॥, ૬૭॥+૨॥, ૧૫+૨॥, ૧૦૨॥+૨॥, ૧૮૦+૨॥ કેટલા?

(૪) ૨॥+૮૫, ૨॥+૭૨॥, ૨॥+૪૭॥, ૨॥+૨૦૫, ૨॥+૧૦૦, કેટલા?

(૫) ૧૯૨॥-૨॥, ૧૦૫-૨॥, ૧૦૦-૨॥, ૨૧૦-૨॥, કેટલા ?

(૬) ૧૯૦-૧૮૭॥, ૧૬૭॥-૧૬૫, ૧૦૦-૯૭॥ કેટલા ?

(૭) ૪૭×૨॥, ૭૯×૨॥, ૮૭×૨॥, ૨૯×૨॥, ૮૨×૨॥, કેટલા ?

(૮) એક માણસ ૨॥ રૂપીઆ કાઢે તો ૩૯ માણસના કેટલા રૂ. થાય ?

(૯) એક કોથળીમાં ૨॥ મણ ઘઉં માય તો ૨૪ કોથળીમાં કેટલા મણ ઘઉં માય ?

(૧૦) ૨॥ શેર જીરાનો ૧ રૂપીઓ બેસે તો ૧૫ રૂપીઆનું કેટલા શેર જીરૂ મળે ?

(૧૧) એક નોટના રૂ. ૨॥ મળે તો ૩૬ નોટના કેટલા રૂ. મળશે ?

(૧૨) રૂ. ૨॥એ શેર એલચી મળે તો ૩૫ શેરનું શું બેસે ?

(૧૩) મણ કેરીના ૨॥ રૂપીઆ બેસે તો ૪૯ મણનું શું બેસે ?

(૧૪) એક માણસને ૨॥ રૂપીઆ આપીએ તો ૫૫ માણસને આપવા કેટલા રૂપીઆ જોઈએ ?

(૧૫) એક તાવડીનું વજન ૨॥ મણ થાય છે, ત્યારે એવી ૮૭ તાવડીનું વજન કેટલું થશે ?

(૧૬) મણ દૂધમાં ૨॥ શેર ચોખા નાખીએ તો ૬૩ મણ દૂધને માટે કેટલા ચોખા જોઈએ ?

(૧૭) ૧ રૂપીઆનું ૨॥ મણ તો ૬૭॥ મણનું શું બેસે ?

(૧૮) ૨॥ શેરનો ૧ રૂપીઓ બેસે તો ૧૮ રૂપીઆનું કેટલું આવશે ?

(૧૯) એક દિવસનો ખરચ ૨॥ રૂપીઆ થાય તો ૭૭ દિવસમાં કેટલો ખરચ થશે ?

(૨૦) ૫૪ છત્રી લેવી છે એક છત્રીના ૨॥ રૂપીઆ બેસે છે તો કેટલો ખરચ થશે ?

(૨૧) ૨૭ રૂપીએ તોલો સોનું મળે તો ૨॥ તોલાનું શું આપવું ?

(૨૨) એક રૂપીઆના ૨॥ શેર મગ મળે, તો ૨૫ શેરનું શું બેસશે ?

(૨૩) કેટલા અડધા હોય તો ૨॥ થાય ? અઢીમાં અડધો કેટલીવાર છે?

(૨૪) કેટલા ૦। અઢી ? અઢીમાં પા કેટલીવાર છે ?

(૨૫) ૧ રૂપીઆનું રાા શેર તો ૪૦ શેરનું શું બેસે ?

(૨૬) ૨૧૦ રૂપીઆ ૮૪ માણસ વચ્ચે ખરચ થયો, ત્યારે એક માણસને ભાગે શું આવ્યું ?

(૨૭) ૬૯ છોકરા વચ્ચે ૧૭૨ાા રૂપીયા વહેંચીએ તો દરેકને શું મળશે ?

(૨૮) કેટલા અઢીએ ૪૫ ? કેટલીવાર અઢી લઈએ તો ૧૦૦ થાય ?

(૨૯) ૧૦૦માં ૪૦ કેટલીવાર ? ૧૦૦માં રાા કેટલીવાર ?

(૩૦) રૂ. ૯૭ાા છે. રોજ રાા રૂ. ખરચ્યું તો કેટલા દિવસ ચાલશે ?

(૩૧) રાા આને શેર દૂધ મળે તો રાા રૂપીઆમાં કેટલું આવશે ?

(૩૨) ૭રાા રૂપીઆમાં રાા તોલા સોનું આવ્યું ત્યારે તોલાનો ભાવ શો ?

(૩૩) ૨૭ માણસ છે, અને ૬૭ા રૂપીઆ છે, તો દરેક માણસને શું મળશે ?

(૩૪) શેર હીંગના રાા રૂપીઆ પડે તો ૪૫ રૂપીઆમાં કેટલા શેર હીંગ આવશે.

(૩૫) રૂ ૧૦૦માંથી અઢી અઢી રૂપીઆવાળી કેટલી નોટ આવશે ?

(૩૬) એક આનાની રાા શેર પાપડી મળે તો ૧ રૂપીઆની કેટલી આવશે ?

(૩૭) રાા રૂપીઆવાળી ટોપી ૧૦૭ાા રૂપીઆમાંથી કેટલી આવશે ?

(૩૮) રાા શેર જલેબીનો ૧ રૂપીઓ પડે તો ૭૭ રૂપીઆની કેટલી જલેબી આવશે ?

મનોયત્ન ૬.

પાયાના આંકનો ઉપયોગ.

(૧) એક લાડુના ચાર સરખા ભાગ પાડીએ તો દરેક ભાગ કેટલો કહેવાય ?

(૨) ચાર ૦। એકઠા કરીએ તો આખા કેટલા થાય ?

(૩) ૦। એ અરધાનો કેટલામો ભાગ? અને આખાનો કેટલામો ભાગ?

(૪) ૧ને ૦।, ૧।ને ૦।, ૧॥ને ૦।, ૧॥।ને ૦। કેટલા ?

(૫) ૧૭+૦।, ૨૩।+૦।, ૨૮॥+૦।, ૨૮॥।+૦। કેટલા ?

(૬) ૪૯, ૫૯, ૬૯, ૭૯, ૮૯, ૯૯, ૫૦, ૬૦, ૭૦, ૮૦, ૯૦, અને ૧૦૦માં ૦। ઓછો તે કેટલા કહેવાય ?

(૭) ૯૯॥।, ૭૮॥।. ૫૭॥।, ૭૬॥।. ૪૯॥।, ૩૭॥।. શબ્દમાં લખો.

(૮) ૪૯×૦।. ૫૭×૦।, ૪૩×૦।, ૭૯×૦।, ૬૭×૦। કેટલા ?

(૯) દરેક છોકરાને ૦। પેંડો આપું તો ૮૮ છોકરાને આપવાને કેટલા પેંડા જોઈએ ?

(૧૦) પાયાની ચચ્ચારની પલાખી બોલો.

(૧૧) પાયાની ચચ્ચારની અને અર્ધાની બબ્બેની પલાખી બોલો.

(૧૨) ૬૯, ૭૩, ૭૭ ૪૭ ૩૭ ૫૫, ૭૯ ૫૭ ૮૯, ૮૩ ૯૭, ૯૩, ૪૯, ૪૩ ૪૬, ૯૧. ૬૩, ૩૧ ૪૧, ૭૧, અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા ? પાવલીના કેટલા રૂપીઆ ?

(૧૩) ૪૦૦ ગજ, ૮૦ ગજ, ૯૦ ગજ, ૬૦૦ ગજ, અને ૭૦ ગજમાંથી અડધા ગજના કેટલા રૂમાલ થાય ? ૦। ગજના કેટલા રૂમાલ થાય ?

(૧૪) ૬૯, ૭૩, ૭૯. ૮૫, ૯૩. ૭૦૦ અડધા રૂપીઆના આખા રૂપીઆ કેટલા ? અને પાવલીઓ કેટલી ?

(૧૫) ૯ રૂ ના પાવલા કેટલા ? ૩૬ પાવલાના રૂપીઆ કેટલા ?

(૧૬) મારી પાસે ૧૭ અડધા છે, તેની પાવલી કેટલી આવશે ?

(૧૭) કેટલીવાર ૦। રૂપીઓ લઈએ તો ૧૯ રૂપીઆ થાય ?

(૧૮) ૧૭, ૫॥, ૨૩॥, ૧૪ અને ૩॥ને પાયે ભાગીએ તો શું આવે?

(૧૯) ૨૩ માણસ વચ્ચે પા। રૂપીઆ આપ્યા તો દરેકને શું મળશે?

(૨૦) કેટલી વખત ૦। મણ લઈએ તો ૧૫, ૨૨, ૧૭, ૧૩, અને ૨૦ મણ થાય?

(૨૧) ૩૯, ૨૨, ૧૭ ગજ લુગડામાંથી અડધા ગજના કેટલા કકડા થાય? ૦। ગજના કેટલા થાય?

(૨૨) કેટલીવાર ૦। કાગળ લઉં તો ૧૬, ૧૮, ૧૦, ૨૩, ૨૨, આખા કાગળ થાય?

(૨૩) ૧૮ વખત ૦। રૂપીઓ લઉં તો કેટલા રૂપીઆ થાય? સાડા ચાર રૂપીઆની પાવલી કેટલી?

(૨૪) ૧૪ રૂપીઆની પાવલી કેટલી? કેટલી પાવલીઓ હોય તો ૧૪ રૂપીઆ થાય?

(૨૫) રોજ ૦। કાગળ વાપરીએ તો ૨૫ દિવસમાં કેટલા કાગળ વપરાય? ૨૩ કાગળ હોય તો કેટલા દિવસ ચાલે?

મનોયત્ન ૭.

નાણાંની ધાતનો ઉપયોગ

(૧) એક રૂપીઆના અડધા કેટલા? પાવલી કેટલી? બેઆની કેટલી? આની કેટલી? ઢબુ કેટલા? પૈસા કેટલા? અને પાઈ કેટલી?

(૨) રૂપીઓ કોની કોની બરોબર છે? શું આપવાથી રૂપીઓ મળે?

(૩) ૧૬ ઢબુ; ૫૨ પૈસા; ૩૨ બેઆની; ૧૧૨ આના; ૬૪ પાવલી; ૭૨ પાઈ, અને ૬૪ અડધાની કિંમત કહો.

(૪) તાંબાના સિક્કા ગણાવો, રૂપાના કયા કયા સિક્કા છે?

(૫) એક રૂપીઆમાં બે પૈસા ઓછા છે, ત્યારે કેટલા આના હશે ?
(૬) પાવલામાંથી શું ખર્ચ્યું તો ૯ પૈસા રહે ?
(૭) ૪ આનામાં કેટલા આના ઉમેરૂં તો રૂપીઓ થાય ?
(૮) ૧ અડધો, ૧ પાવલી, ૧ બેઆની, ૧ આની છે તેમાં કેટલા પૈસા નાખું તો એક રૂપીઓ થાય ?
(૯) એક આનાની ૧૨ પાઇ તો ૪ આનાની કેટલી ? પાવલાની કેટલી ? અડધાની કેટલી ? નીકલના સિક્કા ગણાવો.
(૧૦) ૯, ૬, ૭, અને ૩ આનાની પાઇ કેટલી ? પૈસા કેટલા ?
(૧૧) એક રૂપીઆના ૧૬ આના તો ૩ રૂપીઆના કેટલા આના ?
(૧૨) ૧, ૨, ૩ ૪, ૫, ૬, ૭, ૮, અને ૯ રૂપીઆના આના કેટલા ?
(૧૩) ૮ આનાની પાઇ કેટલી ? અડધા રૂપીઆની આની કેટલી ?
(૧૪) ૧૨ રૂપીઆના અડધા કેટલા ? પાવલી કેટલી ? બેઆની કેટલી ?
(૧૫) ૧૮ આનાના પૈસા કેટલા ? ઢબુ કેટલા ? દોઢ પાઇ કેટલી ?
(૧૬) પાંચ આના ને ત્રણ પૈસા; બે આના ને બે પૈસા; આઠ આની ને એક પૈસાની પાઇ કેટલી ?
(૧૭) બે પૈસાની ૧ પેનશીલ મળે છે, ૧ાા રૂપીઆની કેટલી મળે ?
(૧૮) પાંચ રૂપીઆની બેઆનીમાં એક બેઆની ઓછી છે, ત્યારે બેઆનીઓ હશે ?
(૧૯) અડધા રૂપીઆમાંથી બે પૈસાના પાન, ૧ આનાની સોપારી, ઢબુની પાપડી અને ૨ આનાના મમરા લીધા હવે મારી પાસે શું રહ્યું ?
(૨૦) દુકાનદારને એક રૂપીઓ આપ્યો. તેણે મને ૧ અડધો, ૧ આની ને ૩ પાઇ પાછી આપી ત્યારે મેં કેટલાનો સોદો લીધો હશે ?

(૨૧) ૧૧૨, ૧૨૮, ૯૬, ૮૦, ૧૪૪, ૪૮, ૩૨ અને ૬૪ આનાના રૂપીઆ કેટલા? અને અડધા કેટલા?

(૨૨) ૬૪, ૭૨, ૫૬, ૩૨, ૪૮, ૫૨, ૭૬ અને ૮૦ પાવલીના રૂપીઆ કેટલા? અડધા કેટલા?

(૨૩) ૨૪, ૩૬, ૭૨, ૧૦૮, ૪૮, ૯૬ અને ૬૦ પાઇના આના કેટલા? અને પૈસા કેટલા?

(૨૪) ૧૪૪ આનાના કેટલા રૂપીઆ આવે? અડધા કેટલા આવે?

(૨૫) ૭૪, ૬૭, ૩૫ અને ૬૩ પૈસાના આના કેટલા?

(૨૬) રોજ પાવલી ખરચું તો ૫ રૂપીઆ કેટલા દિવસ ચાલે?

(૨૭) ૧૨ શેરના ૩ આના બેસે તો ૭ શેરનું શું આપવું?

(૨૮) ૧૫, ૧૭, ૮, ૧૨, ૧૪, ૧૯ અને ૧૫ અડધાની પાવલી કેટલી? બેઆની કેટલી? રૂપીઆ કેટલા?

(૨૯) પાંચ બેઆનીના પૈસા કેટલા? અધેલા કેટલા?

(૩૦) ૧૨ અડધા, ૪ પાવલી, અને ૬૪ બેઆની આપું તો કેટલા રૂપીઆ મળે?

(૩૧) રોજ બે આના ખરચું તો ૧૬ દિવસ ચાલે એટલા રૂપીઆ છે. ત્યારે કેટલા રૂપીઆ હશે?

(૩૨) એક આનાના ૧૭ બોરીઆં મળે તો અડધા રૂપીઆના કેટલા મળશે? અને જો ૧૫૩ લેવા હોય તો શું આપવું?

(૩૩) ત્રણ પાનની ૧ પાઇ બેસે તો દોઢ આનાના કેટલાં પાન આવશે? ને જો ૭૨ પાન લેવાં હોય તો શું આપવું?

(૩૪) બે આનાના પાંચ જમરૂખ મળે તો ૧ રૂપીઆના કેટલા આવશે? અને જો ૨૦ જમરૂખ લેવાં હોય તો શું આપવું?

(૩૫) ૧૩૦ રૂપીઆ હોય તો પાંચ રૂપીઆવાળી નોટ કેટલી આવે ? ૨॥ રૂપીઆવાળી કેટલી નોટ મળે ?

(૩૬) બેઆનીના બોર વધારે મળે કે ૧૫ પૈસાના ?

(૩૭) એક આનાની ૧૨ પેન મળે તો પાંચ પાઇની કેટલી આવે ? અને જો ૭ પેન લેવી હોય તો શું આપવું ?

(૩૮) રૂપીઆના ૧૬ શેર વેગણ મળે તો ત્રણ આનાના કેટલાં ?

મનોયત્ન ૮.

પરચુરણ હિસાબ.

(૧) ૧૬ કેરીમાંથી ૧૨ બગડી ગઇ તો સારી કેટલી રહી ?

(૨) ૧૫૭ રૂપીઆમાં ૯ રૂપીઆ ઉમેરીએ તો કેટલા રૂપીઆ થાય ?

(૩) એક આનાવાળી ૧૧૩ ટિકિટ લીધી ને દસ રૂપીઆની નોટ આપી તો મને પાછું શું મળશે ?

(૪) ૨૪માં કેટલા ઉમેરૂં તો ૭૨ થાય ?

(૫) ૧૩૯ રૂપીઆમાંથી દસ રૂપીઆવાળી નોટો લેતા ૯ રૂપીઆ વધ્યા ત્યારે કેટલી નોટો લીધી હશે ?

(૬) ૧૨૪ રૂપીઆમાંથી ૫ રૂપીઆવાળી કેટલી નોટ આવે અને કેટલા રૂપીઆ વધે ?

(૭) બેઆનાની ૨૯ ટીકડી મળે તો એક રૂપીઆની કેટલી ?

(૮) એક બકરી દરરોજ દોઢ શેર દૂધ આપે તો તેવી ૬૭ બકરી કેટલું દૂધ આપશે ?

(૯) એક ટોપીનો ૦॥ રૂપીઓ પડે તો ૭૯ ટોપીઓના કેટલા રૂપીઆ આપવા પડે ?

(૧૦) દરેક છોકરાને ૦। શેર દૂધ આપતાં ૮૯ છોકરાને પાવાને માટે કેટલું દૂધ જોઇશે ?

(૧૧) એક છોકરો અડધો લાડુ ખાય તો ૯૭ છોકરા કેટલા લાડુ ખાશે ? ૧૫ લાડુ કેટલા છોકરાને પહોંચશે ?

(૧૨) ૨૬ શેરના નવટાંક કેટલા ? પાશેર કેટલા ? અચ્છેર કેટલા ?

(૧૩) એક ગાય ૯ શેર દૂધ આપે તો તેવી ૨૫ ગાયો કેટલું દૂધ આપશે ? અઢી હજાર એટલે કેટલા સો ?

(૧૪) ૨૭ અડધાના રૂપીઆ કેટલા ? પાવલી કેટલી? બે આની કેટલી ?

(૧૫) અઢી રૂપીઆવાળી ૯૬ નોટના કેટલા રૂપીઆ આવે ?

(૧૬) એક ઘડિઆળના ૨॥ રૂપીઆ બેસે તો એ લેખે પોણોસો ઘડિઆળનું બેસે ?

(૧૭) એક છત્રીના અઢી રૂપીઆ બેસે તો ૫૭ છત્રીનું શું આપવું ?

(૧૮) એક ઘડિઆળના ૮ રૂપીઆ બેસે તો ૨૮ ઘડીઆળનું શું બેસે ?

(૧૯) ૪૪ રૂપીઆનું એક મણ ઘી મળે તો ૨॥ મણનું શું ?

(૨૦) એક આનામાં ૭॥ મણ ભાર લઈ જવાય તો ૧૭ આનામાં કેટલો ભાર લઇ જવાય ?

(૨૧) પૈસાવાળી ૯૬ ટિકીટ આપી, તેને બદલે ૦॥ આનાવાળી કેટલી ટિકીટ લેવી ? આનાવાળી કેટલી લેવી ?

(૨૨) દસ દસ રૂપીઆવાળી ૨૭ નોટ ને ૪ રૂપીઆ રોકડા છે, ત્યારે બધું મળી કેટલા રૂપીઆ હશે ?

(૨૩) એક રૂપીઆના ૨॥ શેર સોપારી મળે છે, અને ૨॥ રૂપીઆની શેર એલચી મળે છે ત્યારે ૧૪ શેર એલચી આપીએ તો કેટલી સોપારી મળે ?

(૨૪) આગગાડી એક કલાકમાં ૨૭ માઇલ ચાલે, તો ૨૪૩ માઇલ જવાને કેટલા કલાક લાગે ?

(૨૫) દરેક છોકરાંને ૦l, ૦l રૂપીઓ આપતાં ૨ll રૂપીઆની નોટમાંથી કેટલા છોકરાને અપાશે ?

(૨૬) સાડીસો, પોણીસો, પોણોસો, અને દોઢસો આંકડામાં લખો.

(૨૭) ૮૯ll અને ૭૫ શબ્દમાં લખો.

(૨૮) ૧૪૫ આનામાંથી કેટલા રૂપીઆ આવે અને બાકી કેટલા આના રહે તે કહો ૨૫૦ એટલે કેટલા હજાર ?

(૨૯) એક ચોપડીના ૨ll રૂપીઆ બેસે તો ૧૦૦ રૂપીઆમાંથી કેટલી ચોપડી આવશે ? ૦ll હજાર એટલે કેટલા સો

(૩૦) કેટલા દોઢે ૪૨ ? કેટલા પોણે ૪૨ ? કેટલા દુ ૪૨ ?

(૩૧) ૧૯૨ કેરીમાં ૨૪ કેરી ઉમેરીએ તો કેટલી કેરી થાય ?

(૩૨) ૨૦૭ છોકરામાંથી ૨૩ જાય તો કેટલા રહે ?

(૩૩) ૨૬૧ પેનો ૯ છોકરાને સરખે ભાગે આપતા દરેકને કેટલી આવે ? સાડી સાતસો એટલે કેટલા હજાર ?

(૩૪) એક તાળાની કિંમત ૧ll રૂપીઓ બેસે તો ૧૮ રૂપીઆમાંથી કેટલાં તાળાં આવે ?

(૩૫) ૨૮ રૂપીઆની ૧૧૨ સ્લેટ લીધી તો એ હિસાબે એક રૂપીઆની કેટલી સ્લેટ પડી ? અને એક સ્લેટનું શું પડયું ?

(૩૬) એક શાલના ૨૭ રૂપીઆ પડે તો એ લેખે ૧૬૨ રૂપીઆમાંથી કેટલી શાલ આવશે ?

(૩૭) ૭૫ રૂપીઆ ૫૦ છોકરાઓને વહેંચીએ તો દરેક શું મળશે ?

(૩૮) ૪૨ ગજ લાંબું દોરડું છે, તેમાંથી ૧ાા, ૧ાા ગજના કકડા કરીએ તો કેટલા થાય ?

(૩૯) એક ટોપીના ૨ાા રૂપીઆ લેખે ૧૨૦ રૂપીઆમાંથી કેટલી ટોપીઓ આવશે ?

(૪૦) ૨ાા મણ ઘીના ૯૭ાા રૂપીઆ પડે તો એક મણનું શું ?

(૪૧) ૧૦૨ાા રૂપીઆમાં ૨ાા મણ ઘી આવ્યું તો ૪૧ રૂપીઆમાં કેટલું આવશે ?

(૪૨) એક મજુર ૨ાા મણ વજન ઉપાડે, તો ૭૨ાા મણ વજનને માટે કેટલા મજુર જોઇએ ?

(૪૩) કેટલા છક્કે ૭૨, કેટલા ચોક્ક ૭૨, કેટલા તરી ૭૨ ?

(૪૪) કેટલા પોણે ૭૨ ? કેટલા દોઢે ૭૨ ? કેટલા નવાં ૭૨ ?

(૪૫) જો દરેક માણસને ત્રણ ત્રણ રૂપીઆ આપું તો ૯૬ રૂપીઆ માંથી કેટલા માણસને અપાશે ? જો ચારચાર; બબ્બે: છ છ; આઠ આઠ; બાર બાર; સોળ સોળ; અને ચોવીસ ચોવીસ રૂપીઆ આપું તો કેટલા માણસને અપાય ?

(૪૬) ૪૮ છોકરામાંથી બાર બારની ૪ હાર કરવાને બદલે ત્રણ ત્રણની, છ છની, આઠ આઠની, સોળ સોળની, અને ચોવીસ ચોવીસ-ની કેટલી હાર કરવી ?

(૪૭) ૨૦૫ રૂપીઆમાંથી ૨ાા રૂપીઆવાળી કેટલી નોટ આવશે ?

(૪૮) મારા ઘરમાં ૩૫ શેર ઘઉં છે, જો મારે ૭૦ દિવસ ચલાવવા હોય તો દરરોજ કેટલા વાપરવા ?

(૪૯) પંદરે દાન દોઢસો એમ કયા કયા પલાખામાં દોઢસો આવશે ?

(૫૦) ૨૯ કોથળામાં ૧૪૫ મણ અનાજ ભરાય તો ૭ કોથળામાં કેટલા મણ ભરાય ?

(૫૧) ૧૫ આનાનું ૪૫ શેર તો ૭ આનાનું કેટલું ?

(૫૨) ૭॥ મણના ૩૦ રૂપીઆ તો ૨૮ મણનું શું ?

(૫૩) ૨૧ આનાનું ૭ શેર તો સવાપાંચ રૂપીઆનું કેટલું

(૫૪) ૮ માણસ જમાડતાં રૂ. ૫ ખર્ચ થાય તો રૂ. ૮૦માં કેટલાં માણસ જમાડશે ?

(૫૫) ૧૨ માણસ રૂ. ૧૮ કમાય તો ૨૩ માણસ શું કમાય ?

(૫૬) ૭॥ કલાકમાં ૩૧ માઇલ જવાય તો ૪૨ માઇલ જવાને કેટલો વખત લાગશે ?

(૫૭) રૂ. ૩૫૦નું ૧૦ મણ તો ૮ મણનું શું ?

(૫૮) ૨ આનાનું ૧॥ શેર તો રૂ. ૧નું કેટલું

(૫૯) ૨૧૬ રૂપીઆ ૮ માસ ચાલે તો ૭ માસમાં કેટલા રૂ. જોઇએ ?

(૬૦) ૨૦ કનકવાનો રૂ. ૧। તો ૩૫ કનકવાનું શું ?

(૬૧) ૫ રૂપીએ મણની ૧૫ મણ મેથીને બદલે ૩ રૂપીએ મણની કેટલી રાઇ લેવી.

(૬૨) ૪ પૈસાના બોર લીધાં, ૭ પૈસા મારા ભાઇએ આપ્યા ત્યારે મારી પાસે ૧૦ પૈસા થયા તો પહેલાં કેટલા પૈસા હશે ?

(૬૩) પૈસાના ૮ લેખે મેં કેટલાક પૈસાના જમરૂખ લીધાં અને તે બધાં પૈસાના ૭ લેખે વેચી નાખ્યા, જેથી મને ૧૬ પૈસા ઉપજ્યા ત્યારે મેં કેટલા પૈસાના જમરૂખ લીધાં હશે ?

સમાપ્ત.